નવા કોબા ક્લસ્ટરની સુઘડ પ્રાથમિક શાળામાં ધોરણ ૬ થી ૮ ના ૧૦૧ બાળકો દ્વારા માનવ સાંકળ રચી રાખડી બનાવવામાં આવી હતી. અનોખી રીતે રક્ષાબંધન અને આઝાદી કા અમૃત મહોત્સવ ની ઉજવણી કરવામાં આવી હતી.

લિયો કિડ્સ ગિફટસીટી પાસે આવેલ પ્રી.સ્કૂલમાં રક્ષાબંધન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૧

જેઠીપુરા ગિફટસીટી પાસે આવેલી લિયો કિડ્સ પ્રી. સ્કૂલમાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. નાના ભુલકાંઓએ ભાઈઓને રાખડી બાંધીને ભાઈઓએ ભેટ આપી આનંદ માણ્યો હતો. આપણી સંસ્કૃતિ અને વારસો જાળવી રાખવા બાળકોને પ્રેરિત કર્યા હતા.

કે.કે. પટેલ વિદ્યાલાય ખાતે આપતિ વ્યવસ્થાપન ડેમો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર,તા.૧૧

કે.કે. પટેલ વિદ્યાલય, કોલવડા ખાતે તા-૧૦/૦૮/૨૨ ના રોજ ગાંધીનગર 'ફાયર બ્રિગેડ' ની ટીમે ધોરણ ૧ થી ૧૨ ના વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. જેમાં આપત્તિ વ્યવસ્થાપન ટીમ ના સબ ફાયર ઓફિસર ગઢવી સાહેબે વિદ્યાર્થીઓને આગ લાગે તો શું કરવું, આગ ના છ થી દ્ધ પ્રકારનું માર્ગદર્શન, સાવચેતી ના કેવા પગલા ભરવા તે વિશે ખૂબ ઊંડાણપૂર્વકની માહિતી પુરી પાડી હતી. તેમજ તેનો ડેમોસ્ટ્રેશન પણ રજુ કરીને વિદ્યાર્થીઓને બતાવ્યો હતો. ભૂકંપ વખતે પણ શું કરવું તે વિશે માહિતી આપી હતી. શાળાના શિક્ષક નારાયણભાઈ પટેલે આભાર વ્યક્ત કર્યો હતો અને સમગ્ર કાર્યક્રમ ભાવનાબા ના માર્ગદર્શન હેઠળ પૂર્ણ થયો હતો.

ચિલોડા ગ્રામ પંચાયત ખાતે તિરંગાનું નિઃશુલ્ક વિતરણ કરાયું

ગાંધીનગર, તા. ૧૧

૭૫મા આઝાદીના અમૃત મહોત્સવની ભવ્ય ઉજવણીના ભાગરૂપે હર ઘર તિરંગા અંતર્ગત અભિયાનમાં સર્વે નાગરિકો રાષ્ટ્રીય પર્વને આન, શાન, બાન ગૌરવપૂર્ણ સન્માન સાથે ઉજવાય તે હેતુસર ગાંધીનગર તાલુકાના ચિલોડા ગામના સુશિક્ષિત સરપંચ શ્વેતાબેન પટેલ તથા યુવા મોરચાના અગ્રણી જયમીનભાઈ પટેલ તરફથી નિઃશુલ્ક તિરંગાનું વિતરણ કાર્યક્રમમાં માર્ગદર્શન માહિતી પુરી પાડી અર્પણ કરવામાં આવ્યા હતા. આ તિરંગા વિતરણ કાર્યક્રમમાં જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના પી.એલ.વી. નટુભાઈ પટેલ હાજર રહી માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

ડભોડા એમ.એચ. વિદ્યામંદિર ખાતે રક્ષાબંધન અને રાખડીઓનો પ્રદર્શન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૧

ભારતીય સંસ્કૃતિમાં ઉત્સવોનું અનેરૂ માહાત્મય રહેલું છે. નિર્મળ ભાઈ-બહેનના પ્રેમનું પ્રતિક એટલે રક્ષાબંધન. ગાંધીનગર તાલુકાની એમ.એચ. વિદ્યામંદિર ડભોડામાં હર્ષોલ્લાસ સાથે રક્ષાબંધન પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. રક્ષાબંધનના પર્વના મહત્વ વિશે દેવાંશીબેન દ્વારા સુંદર માહિતી આપી હતી. વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી રક્ષાસૂત્ર બાંધવામાં આવ્યું. આ પ્રસંગે 'કુંતા બાંધે અભિમન્યુને બાંધે અમર રાખડી, ખમ્મા વીરાને ઉવારણે જેવા ગીતો દ્વારા પોતાની ઉર્મિઓ વ્યક્ત કરી હતી. શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા સ્વ-નિર્માણ કરેલી રાખડીઓનું સુંદર પ્રદર્શન રાખવામાં આવ્યું હતું. રાખડીઓ બંધાવીને રક્ષાબંધન પર્વની ઉજવણી કરી હતી.

જીઆઈએલના કૌંભાડીઓના ઘરે પોલીસનું સર્ચ ઓપરેશન : ૧.૨૫ કરોડનો મુદ્દામાલ જપ્ત

પોલીસની ૧૫ ટીમોએ ૨૦ સ્થળો પર સર્ચ કરી સોના-ચાંદીના દાગીના, ગાડીઓ અને રોકડ કબ્જે કરી, રૂ.૭ કરોડની ઉચાપતની શરુ થયેલી તપાસમાં આંકડો રૂ.૩૮.૬૮ કરોડ સુધી પહોંચ્યો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરના કર્મયોગી ભવનમાં આવેલી જીઆઈએલ કચેરીના ૫ અધિકારી-કર્મચારીઓ દ્વારા રૂ.૭ કરોડનું કૌંભાડ આચર્યું હોવાની ફરીયાદ નોંધાઈ હતી. જો કે પોલીસ તપાસમાં આંકડો રૂ.૩૮.૬૮ કરોડ સુધી પહોંચ્યો છે. આ કૌંભાડમાં પોલીસે વિવિધ ૧૫ ટીમો બનાવી ગાંધીનગર-અમદાવાદ ખાતે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય કૌંભાડી રૂચી ભાવસાર સહિત અન્ય સાગરીતોના ઘર સહિતના સ્થાનો પર સર્ચ કરી રૂ.૧ કરોડ ૨૫ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે. એક આરોપીની કંપનીના એકાઉન્ટમાં રૂ.૭.૨૦ કરોડ ટ્રાન્સફર થયા હતા. તે આરોપી પાસેથી પણ સર્ચ દરમિયાન રૂ.૧૪.૪૦ લાખ રોકડ જપ્ત કરાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ આ સમગ્ર કૌંભાડ મામલે ગઈકાલે નાયબ પોલીસ અધિક્ષક એમ.કે.રાણાની આગેવાનીમાં એલસીબી પીઆઈ જે.એચ.સિંધવ, એચ.પી.પરમાર, તેમજ જિલ્લા પોલીસના અધિકારી-કર્મચારીની ૧૫ ટીમો બનાવી હતી. જયારે ગઈકાલે પોલીસની ૧૫ ટીમો દ્વારા ગાંધીનગર-અમદાવાદ સહિત વિવિધ ૨૦ સ્થાનો પર સર્ચ ઓપરેશનની કાર્યવાહી હાથ ધરી હતી. ત્યારે કૌંભાડની મુખ્ય સુત્રધાર રૂચી ભાવસારની સ્કોડા, આઈ-૨૦ અને આઈટેન-૧૦ નીયોસ મળી કુલ રૂ.૮૫.૮૧ લાખની મોંઘીદાટ ગાડીઓ કબ્જે કરવામાં આવી છે. તે ઉપરાંત દિપક હર્ષદરાય મહેતાની રૂ.૨૧.૬૦ લાખની હ્યુન્ડાઈની અલ્કાઝાર ગાડી પણ જપ્ત કરી છે. જયારે પ્રિતેશ પટેલ, જયદિપ ઠક્કર અને પ્રિયંક સોલંકીના ઘરે થી સોના-ચાંદીના દાગીના, રોકડ મળી કુલ રૂ.૧.૨૫ કરોડથી વધુનો મુદ્દામાલ રીકવર કરવામાં આવ્યો છે. જયારે દિપક મહેતાની કંપનીમાં રૂચી ભાવસારે ૫ બ્લેક બોકસ કંપનીના પ્રિતેશ પટેલ સાથે મળીને રૂ.૨૨ લાખ ટ્રાન્સફર કરાયા હતા. ત્યારે બીજીતરફ પ્રિતેશની કંપનીમાં અઢી કરોડ જમા કરવામાં આવ્યા હતા. ત્યારે જીઆઈએલ દ્વારા રૂ.૭ કરોડની કૌંભાડની ફરીયાદ નોંધાઈ હતી. ત્યારે પોલીસની તપાસમાં આંકડો વધીને રૂ.૩૮ કરોડ થી વધી જવા પામ્યો છે. ત્યારે હાલ ચાલી રહેલી પોલીસ તપાસમાં હજુ પણ કૌંભાડનો આંકડો વધે તો નવાઈ નહી.

શહેરના ડેપોમાંથી મહિલા મુસાફરના પર્સમાંથી રૂ.૮ લાખના દાગીનાની ચોરી

બસમાં બેસતા સમયે ભીડનો લાભ લઈ ચોર શખ્સો કળા કરી ગયા

ગાંધીનગર, તા.૧૧

પાટનગરના એસટી ડેપોમાંથી હિંમતનગર જવા માટે સુરત-વિજાપુર બસમાં બેસવા જતા સમયે ભીડનો લાભ લઈ ચોર શખ્સોએ મુસાફર મહિલાના પર્સમાંથી રૂ.૮.૧૦ લાખના સોનાના દાગીના સેરવી લઈ સિફતપૂર્વક જતા રહ્યા છે. ત્યારે બનાવ અંગે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. રાજયભરમાં કાયદાની અમલવારી માટે જયાંથી આદેશ છુટે છે. તે સચિવાલયથી માત્ર બે કિલોમીટરના અંતરે આવેલા પાટનગરના એસટી ડેપોમાં મુસાફરો લુંટાઈ રહ્યા છે. તેમ છતા ડેપો અને પોલીસ તંત્ર ભેદી મૌન ધારણ કરી રહ્યું છે. મુસાફરોના મોબાઈલ, પાકીટ, પૈસા, સહિત સોના-ચાંદીના દાગીનાની ચોરી થતી હોવા છતા ડેપો ના અધિકારીઓ દ્વારા કોઈપણ જાતની કાર્યવાહી કરવામાં આવતી નથી. પોલીસ વિભાગ અને ડેપો વિભાગ એક બીજાને ખો આપી રહ્યા હોય તેમ લાગી રહ્યું છે. ડેપોમાં થતી ચોરી બાદ પણ કોઈ એકશન લેવામાં ન આવતા ચોર ટોળકી માટે મોકળુ મેદાન સાબિત થઈ રહ્યું છે. શહેરના ડેપોમાં લગાવેલા સીસીટીવી કેમેરા શોભાના ગાંઠીયા સમાન છે.

આંતરે દિવસે મુસાફરો લુંટાઈ રહ્યા હોવા છતા પોલીસ પોઈન્ટ મુકીને પેટ્રોલીંગ કરવામાં આવતું નથી. તો બીજીતરફ ડેપોમાં પોલીસ ચોકી ઉભી કરવાની વાત પણ વિસરાઈ જવા પામી છે. બુધવારે સવારે એક મહિલા મુસાફરના અડધા લાખની કિંમતના દાગીનાની લુંટી લેવાની પેરવી થઈ હતી.પરંતુ મુસાફર મહિલાની સમય સુચકતાથી દાહોદની ગરબાડાની ચોર મહિલા ઝડપાતા પોલીસને સોંપી હતી. સેકટર-૨૪ પાઠય પુસ્તક મંડળ સ્ટાફ કવાટર્સમાં રહેતા ૭૨ વર્ષના મહેન્દ્રભાઈ નરસિંહભાઈ સુથાર તેમના પત્ની મધુબેન રક્ષાબંધનનો તહેવારની ઉજવણી કરવા માટે બુધવારે હિંમતનગર જવા માટે નીકળ્યા હતા.

તે સમયે મુધબેને બ્રાઉન કલરના પર્સમાં રૂ.૮ લાખથી વધુના દાગીના ઘરે લઈ જવા માટે સાથે લીધા હતા. ભીડ વધારે હોવાથી દંપતિએ વિજાપુર થઈ હિંમતનગર જવાનું નક્કી કર્યું હતું. ત્યારે પ્લેટફોર્મ નં.૧૦ પર બસની રાહ જોતા હતા તે સમયે સુરત વિજાપુર બસ આવતા તેમાં બેસી ગયા હતા. સામાન્ય આગળ થઈને મધુબેનને મોટુ પર્સ ખુલ્લુ હોવાની જાણ થઈ હતી. જેથી પર્સમાં તપાસ કરતા રૂ.૮ લાખથી વધુના દાગીના ગાયબ હતા. ત્યારે ભીડનો લાભ લઈ તસ્કરો ચોરી કરી ગયાનું માલુમ પડ્યું હતું. બનાવ અંગે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સેકટર-૧ ૩ બી શોંપીગ સેન્ટર પાસે કારની ટક્કરે યુવકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૧૧

શહેરના સેકટર-૧ ૩ બી શોંપીગ સેન્ટર નજીક ગઈકાલે રાત્રીના સમયે અજાણી કારના ચાલકે પોતાની કાર પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી યુવકને ટક્કર મારી હતી. અકસ્માત બાદ કાર ચાલક નાસી ગયો હતો. જયારે યુવકને માથાના ભાગે અને કમરમાં ઈજા પહોંચતા યુવકનું મૃત્યુ નિપજયું હતું. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુળ રાધનપુરના અને હાલ સેકટર-૧ ૩ ના કાચા છાપરા (એમઆરએફ શો રૂમની સામે) ખાતે છેલ્લા ચાર વર્ષથી રહેતા વિશાલ પ્રકાશ વઢીયારી છુટક શાકભાજીનો વેપાર કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગઈકાલે રાત્રીના આશરે પોણા નવ વાગે વિશાલ સેકટર-૧૪ માં શાકભાજી વેચવા માટે ગયો હતો. તે સમયે તેના પર કૌંટુબીક મામાનો ફોન આવ્યો હતો અને તારા મોટાભાઈ ભરતને સેકટર-૧ ૩ શોંપીગ સેન્ટર થી આગળ અકસ્માત થયો છે. જેથી તાત્કાલીક અકસ્માત સ્થળ પર આવી ગયો હતો. ત્યાં તેને જાણવા મળ્યુ હતું કે ગાડી નં.જી.જે.૦૯.બી.એ-૭૬ ૨ ૩ ના ચાલકે પાછળથી ટક્કર મારી નાસી ગયો હતો. જયારે ભરતને શરીરે માથાના અને કમરના ભાગે ઈજા હોવાથી ગાંધીનગર સિવિલ લઈ ગયા હતા. સિવિલ પહોંચીને ભરતને જોતા તેના કમરની જમણા ભાગે અને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા ફરજ પરના ડોકટરે તપાસી મરણ જાહેર કર્યો હતો. બનાવ અંગે વિશાલની ફરીયાદ નોંધી પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ચિલોડા પ્રાથમિક શાળામાં શ્રાવણ માસ નિમિત્તે યુવામિત્ર મંડળ દ્વારા બાળકોને તિથીભોજન પીરસ્યું

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર તાલુકાની મોખરાની પ્રાથમિક શાળા ચિલોડામાં પવિત્ર શ્રાવણ માસની ઉજવણી નિમિત્તે યુવામિત્ર વર્ગના સહયોગથી શાળાના તમામ બાળકોને તિથિ ભોજનરૂપે ભોજન પીરસ્યું હતું. જેમાં તાલુકા સદસ્ય, ક્ષત્રિય ઠાકોર સેનાના સભ્ય તેમજ અન્ય યુવામિત્રોનો સહયોગ સાંપડ્યો હતો.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર સાહિત્ય સેવા સંસ્થાન ચેરીટેબલ ટ્રસ્ટના ઉપક્રમે મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા દ્વારા વિશ્વના ૧૯૩ દેશોના રાષ્ટ્રધ્વજોનું પ્રદર્શન સૌ પ્રથમવાર ગાંધીનગર ખાતે યોજાઈ ગયો. વંદે માતરમ્ રાષ્ટ્રીય ગીતનું સમૂહગાન કરી દેશના ત્રિરંગાને સન્માન આપવામાં આવ્યું હતું.
- ગાંધીનગર શહેરમાં આજે વરસાદે હળવા છાંટા નાખતાં નગરજનો હેરાન થયા હતા.
- ગાંધીનગર શહેરમાં આજે મિઠાઈ બજારમાં ભારે ઘરાકી જોવા મળી હતી.
- ગાંધીનગર શહેરના આંતરિક માર્ગો પર પુનઃ ગંદકીના થર જામી ગયા છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના ઉવારસદ બેઠકના સભ્ય ભરતજી રાયસંગજી ઠાકોર (ભુઠ્ઠા સરકાર)ના પિતાશ્રી રાયસંગજી ઠાકોરનું ગઈકાલે દુઃખદ અવસાન થયું છે.
- ગાંધીનગર શહેરમાં અધિકારીઓની બદલીએ આજે નગરજીવનમાં ટોક ઓફ ધી ટાઉન બનીને ઉભરી આવ્યો હતો.
- રાજયના નાણાં વિભાગ દ્વારા રાજય વેરા ખાતાના સંયુક્ત રાજય વેરા અધિકારી (વર્ગ-૧) અને નાયબ રાજય વેરા કમિશનરોની બદલીના હુકમો ગઈકાલે મોડી સાંજે કરવામાં આવ્યા હતા.
- રાજયના સામાન્ય વહીવટ વિભાગે ૬૪ જેટલા એડીશનલ કલેક્ટરોની બદલીના હુકમો પણ ગઈકાલે મોડી રાત્રે કર્યા હતા.
- નાયબ સચિવ સંવર્ગમાં પણ બદલીનો એકાદ-બે દિવસમાં ગંજીફો ચીપાશે તેમ સચિવાલયના વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.
- ગાંધીનગર શહેરમાં આજે એસ.ટી. ડેપો પર મુસાફરોની ભારે અવર-જવર જોવા મળી હતી.
- રજાઓની ગોઠવણ સાથે વતન જનારા ગાંધીનગરાઓની સંખ્યા પણ ઘણી મોટી છે.